# મોડાસામાં રહેણાંક વિસ્તારમાં આવેલ સબજેલને અન્ય જગ્યાએ ખસેડવા ઉગ્ર માંગ

## સબજેલને અન્ય જગ્યાએ ખસેડવા કલેકટર સમક્ષ રજુઆત

મોડાસા, તા.૨૧

મોડાસાના માલપુર રોડ ઉપર માલપુ રોડ ઉપર સર્વે નંબર ૪૮૭માં વર્ષ ૧૯૯૮ અને ૯૯ માં સબજેલને




ભરચક વિસ્તારમાં આવેલી સબજેલ આસપાસ શૈક્ષણીક સંકુલ અને રહેણાંક ઝોન હોઈ સુરક્ષાના કારણોસર આ સબજેલ નગર બહાર મોકળાશ વાળી જગ્યાએ ખસેડવામાં આવે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

અરવલ્લી જીલ્લાના મોડાસા શરૂ કરવામાંઆવી હતી. અહી સબજેલ બાંધવામાં આવી તે પહેલા પણ જેલની આસપાસ રહેણાંક વીસ્તાર હોવા છતા સબજેલની ૨૨૦ મીટરની આસપાસ ખુલ્લી જગ્યા જરૂરી હોવાનો નીયમનો સરેઆમ ભંગ કરી જેલનુંબાંધકામ કરાયુ હતું. હાલ આ જેલ એકદમ ભરચક વિસ્તારમાંહોઈ સુરક્ષાની દ્રષ્ટીએઅન્ય મોકળાશવાળી જગ્યાએ ખસેડવામાં આવે એવી જીલ્લા કલેકટરને રજુઆત કરવામાં આવી હતી.

મોડાસાની આ જેલની આસપાસ શાળાઓ આવેલ છે અને આજુબાજુ રહેણાંક વિસ્તારો પણ



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

આવેલ છે. જયારે શાળા અને જેલની દિવાલો તો એક જ છે. જેથી શાળાના આચાર્ય દ્વારા પણ આ જેલને અન્યત્ર જગ્યાએ ખસેડવા રજુઆત કરવામાંઆવી હતી. જિલ્લાની આ જેલનું બાંધકામ પહેલેથી જ નીયમનો ભંગ કરીને કરવામાં આવેલુ છે. મોડાસાના નાગરીકો જેલની આસપાસ રહેતા લોકો અને શૈક્ષણીક સંકુલો દ્વારા જેલને અન્યત્ર ખસેડવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# પાલનપુર સિવિલનો તબીબ જેલ હવાલે : સગીરાને ખોટા સર્ટિફિકેટ દ્વારા પુખ્ત બનાવી આચર્યું ગુનાહિત કૃત્ય

પાલનપુર, તા. ૨૧

ડીસા ઉત્તર પોલીસ મથકે બે માસ ગજ જૂન માસમાં એક ફરિયાદ નોંધાઈ હતી. આ ફરિયાદ એક સગીર યુવતીના માતા-પિતાએ નોંધાવી જાહેર કરેલ કે તેમની દીકરી માત્ર ૧૩ વર્ષની હોવા છતાં પાલનપુર સિવિલના એક ડોક્ટરે તે પુખ્ત હોવાનું ખોટું પ્રમાણપત્ર આપેલ છે ને તે આધારભૂત માની તેને ભગાડી જનાર યુવકે તેની સાથએ લગ્ન કરી ગુનો કર્યો છે. જે બાદની તપાસમાં તબીબનું પ્રમાણપત્ર ખોટું જણાતાં ડીસા પોલીસે દોષિત તબીબ બીજોલભાઈ ભેમાભાઈ ભેદરુની ધરપકડ કરી જેલ હવાલે કરતા ચકચાર મચેલ છે.

આ અંગેની મળતી વિગતો જોઈએ તો ડીસા ઉત્તર પોલીસ મથકે હાલ અમદાવાદ શાહપુર ખાતે રહેતા અને મૂળ ડીસા તાલુકાના ખરડોસણ ગામના રહીશ મનુભાઈ પેથાભાઈ પરમારની ૧૩ વર્ષની દીકરીને સુરેશભાઈ છગનભાઈ પરમાર લલચાવી, ફોસલાવી ભગાડી ગયો છે અને આ બાબતની તેમને અમદાવાદ માધુપુરા પોલીસમથકે ફરિયાદ નોંદાવી છે તેવું જણાવેલ અને પોતાની દીકરીને ભગાડી જનાર આરોપી સુરેશભાઈ પરમારે એક ડૉક્ટરની મદદથી ૧૩ વર્ષની તમની દીકરીને પુખ્ત હોવાનું ખોટું સર્ટિફિકેટ રજુ કરી ડીસા પાલિકામાં લગ્ન નોંધણી કરાવવા અરજી કરેલ છે, જે આધારે ડીસા ઉત્તર પોલીસે આ મામલે આરોપી સુરેસભાઈ પરમાર, તેમની બહેન જ્યોત્સનાબેન છગનભાઈ પરમાર અને અન્ય મહિલા આરોપી હંસાબેન રકજી પરમાર વિરુદ્ધ ગત ૧૮-૬-૨૦૧૪ના રોજ ગુનો દાખલ કર્યો હતો. આ કેસની તપાસ કરનાર પી.એસ.આઈ. જે.બી. આસોડિયાની તપાસમાં બહાર આવેલ કે પીડીતિ કીશોરી માત્ર ૧૩ વર્ષની છે, સ્કૂલ સર્ટિફિકેટમાં પણ તે ૧૩ વર્ષની હોવાનો પુરાવો હતો, જો કે કોઈ કારણોસર પાલનપુર સિવિલના ડો. બીજોલભાઈ ભેમાભાઈ ભેદરૂએ આ કિશોરી તેમની તપાસમાં ૧૯ વર્ષની અને પુખ્ત હોવાનું જમાવી પુરાવા તરીકે એક સર્ટિફિકેટ પણ આપ્યું હતુ. આમ ડોક્ટરે સગીરાને પુખ્ત બનાવી ફોજદદારી ગુનો કરતા ઉત્તર પોલીસે તેમની આઈ.પી.સી. કલમ ૪૬૭, ૪૬૮, ૪૭૧ મુજબ ના આરોપ સબબ ધરપકડ કરી હતી.

## શાંતિપુરા પ્રાથમિક શાળામાં ગ્રામજનોના સહયોગથી કમ્પ્યુટર ભેટ અપાયું

પ્રાંતિજ, તા.૨૧

શાંતિપુરા ગામે સ્થિત શાંતિપુરા પ્રાથમિક શાળમાં ૧૫મી ઓગસ્ટે ગ્રામજનો દ્વારા લોકફાળો એકઠો કરી શાળામાં કોમ્પ્યુટરનું દાન આપવામાં આવ્યું હતું.

કોમ્પ્યુટરના યુગમાં બાળકોને કોમ્પ્યુટરનું જ્ઞાન મળે તે માટે ગ્રામજનોની મદદથી લોકફાળો એકઠો કરી સ્વાતંત્ર્ય પર્વના દિવસે રૂ. ૩૦ હજારની કિંમતનું કમ્પ્યુટર ભેટ આપવામાં આવ્યું. ગ્રામજનોની આ પહેલને શાળાના આચાર્ય તેમજ શાળા પરિવારે બિરદાવી ગ્રામજનોનો આભાર વ્યકત કર્યો હતો જયારે વિદ્યાર્થીઓ પણ ખુશખુશાલ જણાતા હતા.

# ઊંઝા પોલીસે ચોરાયેલ ૭૬ બોરી ઈસબગુલનો જથ્થો કબજે કર્યો

## ચોરીમાં સંડોવાયેલ બે શખ્સોની પોલીસે તપાસ આરંભી

ઊંઝા, તા. ૨૧

ઊંઝા ખાતે માલ ગોડાઉન વિસ્તારમાં આવેલ ડી.આર. ટ્રેડીંગ કંપનીના ગોડાઉનમાંથી ૭૬ બોરી ઈસબગુલની થયેલ ચોરીના કેસ સંદર્ભે પોલીસે ઊંઝા ગંજબજારની જ એક વેપારી પેઢીમાંથી ચોરાયેલ ૭૬ બોરી કરતાં વધુ એટલે કે ૧૦૦ બોરી (સાત હજાર કિલો) ઈસબગુલનો મુદ્દામાલ કબજે કરી આમાં સંડોવાયેલ બે શખ્સોની શોધખોળ આરંભી છે.

ઊંઝા ખાતે ડી.આર. ટ્રેડીંગ કંપનીના ગોડાઉનમાંથી ૭૬ બોરી ઈસબગુલની ચોરી થતાં વેપારી દશરભાઈ બ્રાહ્મણે ઊંઝા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેથી પોલીસે ચોરીનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી. જેમાં પોલીસે મળેલ હકિકતને આધારે પોલીસે ઊંઝા ગંજબજારમાં આવેલ હનુમાનજી ટ્રેડીંગ કંપની નામની પેઢીમાંથી રૂપિયા સાત લાખની કિંમતની મત્તાની ઈસબગુલની ૧૦૦ બોરીનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પોલીસ તપાસમાં બહાર આવેલ હકિકત મુજબ ચોરીના ગુનામાં સંડોવાયેલ ઊંઝાના બે શખ્સો પૈકી એક શખ્સે મારી ગાડી બગડેલ હોઈ મારો માલ ભરવાનો છે. તેવું મજુરો પાસે ગોડાઉનમાંથી ચોરીના માલ વાહનમાં ભરાવીને ઊંઝા માર્કેટયાર્ડમાં આવેલ હનુમાનજી ટ્રેડીંગ કંપનીમાં ઉતાર્યો હતો.

દરમિયાન ઊંઝાના વેપારીએ ૭૬ બોરી ઈસબગુલની ચોરી થઈ હોવાનું ફરિયાદમાં જણાવેલ છે. જ્યારે પોલીસે ૧૦૦ બોરી ઈસબગુલનો મુદ્દામાલ કબજે કરેલ છે. ત્યારે વધારાની ૨૪ બોરી ઈસબગુલનો માલ કોનો છે? તે હજી તપાસમાં સ્પષ્ટ થઈ શક્યું નથી. આમ ચોરાયેલ મુદ્દામાલ કરતાં વધુ મુદ્દામાલ પોલીસે કબજે કર્યો હોઈ આની ઉંડી તપાસ થવી જરૂરી મનાય છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

રોટરી ક્લબ ઓફ પાલનપુરના સહયોગથી આબુ હાઈવે સ્થિત તનુ મોટર્સ ખાતે રક્તદાન કેમ્પ યોજાયો હતો. રક્તદાન કેમ્પમાં રક્તદાતાઓએ રક્તદાન કરી સમાજ સેવાનું ઉત્કૃષ્ટ દૃષ્ટાંત આપ્યું હતું. કેમ્પમાં દિલસુખભાઈ અગ્રવાલ, વિપુલ અગ્રવાલ, આશિષ જોષી વગેરે કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## મહેસાણા જિલ્લામાં યુવા મતદાર મહોત્સવ ઉજવાશે

મહેસાણા, તા. ૨૧

મતદારયાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત યુવા મતદારોની ચૂંટણી પ્રક્રિયામાં સક્રિય ભાગીદારી વધે તે આશયથી યુવા મતદાર મહોત્સવ-૨૦૧૪ ની ઉજવણી ૨૦ ઓગસ્ટથી ૨૦ સપ્ટેમ્બર દરમિયાન યોજાનાર છે. જેમાં ધોરણ-૭ થી ઉપરના તમામ વિદ્યાર્થીઓ માટે વિવિધ સ્પર્ધાઓ યોજવાનું આયોજન કરેલ છે. (૧) જીંગલ્સ, ગીત, રેપ, લેખન (૨) મેસ્કોટ બનાવવા અને તેની ડિઝાઈન (૩) ફ્લેશ મોબ ૯૪) એડ ફિલ્મ/ક્યીકીલ્સ કોમ્પીટીશન (૫) ખાસ ઓપન કેટેગરી સ્પર્ધાઓ યોજવાની છે. સ્પર્ધાઓ સંસ્થાના આચાર્યશ્રીએ યોજવાની છે. દરેક સ્પર્ધામાં વિજેતા પ્રથમ ત્રણ કૃતિઓને ૨૫ સપ્ટેમ્બર સુધી નોડલ અધિકારી સ્વીપ અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને મોકલી આપવાની રહેશે, આ અંગેની માર્ગદર્શન સુચનાઓ તાલુકા મામલતદારશ્રીઓ પાસેથી મળી રહેશે, આ સ્પર્ધાઓમાં વધુમાં વધું વિદ્યાર્થીઓ ભાગ લે તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી મહેસાણાએ જાહેર અપીલ કરાઈ છે. તેમ જિલ્લા ચૂંટણી અધિકારી એ જણાવ્યું હતું.

## ગલેસરાના ગલતેશ્વર મહાદવે અમાસનો મેળો ભરાશે

પ્રાંતિજ તાલુકાના ગલેસરા ખાતેના પૌરાણિક ગલતેશ્વર મહાદેવ મંદિરે તા. ૨૫મી ઓગસ્ટ ૨૦૧૪ને સોમવારે શ્રાવણી માસે મેળો ભરાશે. પરંપરાગત મેળાને લઈ ભાવિકો માટે એસ.ટી વિભાગ દ્વારા ખાસ બસોની વ્યવસ્થા કરવામાં આવી છે. તેમ આયોજકો એ જણાવ્યું હતું.





પ્રાંતિજ તાલુકાના કતપુર ટોલનાકા પાસે આજે વહેલી સવારે પુરપાટઝડપે દોડી આવતી આઈટેન કાર પલ્ટી ખાઈ જતા અંદાજે ૧૦૦ ફૂટ દૂર સુધી ફંગોળાઈ ગઈ હતી. અકસ્માતમાં કારમાં સવાર ત્રણ પૈકી એકનું કરૂણ મોત નિપજ્યું હતું ને બે ને ગંભીર ઈજાઓ થવા પામી હતી. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# મોડાસામાં પકડાયેલ ચોરીના મોબાઈલમાં એલસીબીની સફળતા કે નિષ્ફળતા

મોડાસા, તા.૨૧

અરવલ્લી જિલ્લાનું મોડાસા શહેર આખા દેશમાં ચોરીના મોબાઈલ વેચવા માટે જાણીતું છે. મોડાસા શહેરમાંથી આખા ભારતમાં તેમજ ગુજરાત રાજયના વિવિધ શહેરોમાં ચોરીના મોબાઈલ પહોંચાડવાનું આયોજન બધ્ધ ષડયંત્ર ચાલે છે. મોડાસા એલસીબી પોલીસે પકડાયેલ મોબાઈલનો મુદ્દામાલ તેમજ વેપારીઓ તો આ ષડયંત્રના પ્યાદા જ છે. મોડાસા શહેરમાં મોબાઈલ ચોરીને લાવવાનો અને વિવિધ રાજયો તેમજ શહેરોમાં પહોંચાડવાનો ધંધો અંદાજે મહીને ૨ કરોડથી વધારે રૂપિયાના આંકડાને આંબી જાય એટલો છે. એવું પ્રજાજનો અને વેપારીઓ અંદર અંદર ચર્ચા કરતા જોવા મળે છે. આ ષડયંત્રના આકાઓ એલસીબી પોલીસ પકડથી કેમ બહાર રહ્યા હજુ એ સમજી શકાતું નથી. અથવા આ કહેવાતા મોટા માથાઓએ એલસીબી પોલિસ જોડે ગોઠવણ કરી નાની નાની માછલીઓને તો જાળમાં ફસાવી દીધી તો નહિ હોય ને? પકડાયેલ વેપારીઓની પધ્ધતિસર કડક તપાસ હાથ ધરવામાં આવે તો આ ષડયંત્રના મુળ સુધી પહોંચી શકાય તેવું જણાય છે. મોડાસામાં વિદેશથી પણ મોબાઈલ ચોરી લાવીને ઈ.એમ.આઈ. નંબર બદલીને વેચવાનું મસ મોટું કૌભાંડ ચાલી રહ્યું છે.



પાલનપુર શહેરમાં ચોમાસાની સીઝનને પગલે લીલા શાકભાજીમાં કડવા કારેલાની સાથે આરોગ્ય વર્ધક કડવા કંકોડાનું આગમન થઈ ગયું છે. (તસવીર : હરેશ જોશી)

# વણઝારા સમાજની શિક્ષણ સમિતિ દ્વારા આઠમો પુરસ્કાર વિતરણ સમારોહ યોજાયો

## શ્રેષ્ઠ પરિણામ મેળવતા સમાજના વિદ્યાર્થીઓનું સન્માન કરાયું, સમારોહના ઉદ્દેશને ફળીભૂત કરવા ઉપર ભાર મુકાયો

તલોદ, તા. ૨૧

વણઝારા સમાજ શિક્ષણ સમિતિ દ્વારા આઠમો પુરસ્કાર વિતરણ સમારોહ અમદાવાદ ખાતે રવિવારના રોજ યોજાઈ ગયો. સમાજના મહાનુભાવો, આમંત્રિતો અને વિદ્યાર્થીઓની મોટી સંખ્યામાં હાજરીએ સમારોહ દિપી ઉઠ્યો હતો. શ્રેષ્ઠ પરિણામ પ્રાપ્ત કરતાં વિદ્યાર્થીઓનું મહાનુભાવોમાં હસ્તે સન્માન કરાયું હતું. સમાજની આ પ્રવૃત્તિને હાજર સૌ કોઈએ આવકારી તેના ઉદ્દેશને ફળીભૂત કરવા સૌના સહકારની અપેક્ષા રખાઈ હતી.

દેશભરના વણઝારા સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરૂ પાડવા અને અન્ય વિદ્યાર્થીઓ પણ અભ્યાસમાં તેજસ્વી બને તેવા શુભ આશયથી અમદાવાદના અસારવા ખાતે રવિવારના રોજ વણઝારા સમાજ શિક્ષણ સમિતિ દ્વારા આઠમો વાર્ષિક પુરસ્કાર વિતરણ સમારોહ યોજાયો હતો. આ સમારોહના અધ્યક્ષ પદે ભાજપા બક્ષીપંચ મોર્ચા સાબરકાંઠા જિલ્લાના મહામંત્રી વિજયભાઈ વણઝારા બિરાજમાન હતા. તેઓએ દિપ પ્રાગટ્ય કરી સમારોહને ખુલ્લો મુખ્યો હતો. આ પ્રસંગે ગુજરાત ઠાકોર સમાજના પ્રમુખ ઋષિસિંઘ, પૂર્વ પ્રમુખ અને એડવોકેટ એન.પી. ચૌહાણ તથા પ્રદેશમંત્રી દશરથભાઈ વણઝારા સહિત અનેક મહાનુભાવો હાજર રહ્યા હતા. મહેમાનોનું ફુલહારથી સ્વાગત કરી મોમેન્ટો અર્પણ કરાઈ હતી. અમદાવાદ જિલ્લા ઠાકોર સમાજના પ્રમુખ વિષ્ણુભાઈ ઠાકોર ખાસ ઉપસ્થિત રહી સમાજને માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

વણઝારા સમાજના સ્વાતંત્ર્ય સેનાનીઓને યાદ કરી તેમના માનમાં બે મિનિટ મૌન પાડી શ્રદ્ધાંજલિ અપાઈ હતી. સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનું પુરસ્કાર આપી સન્માન કરાયું હતું. તેમજ સમાજના ઉદ્દેશ મુજબ જે વિદ્યાર્થી અભ્યાસમાં ઉચ્ચ ગુણાંક મેળવે છે પરંતુ આર્થિક સ્થિતિ સારી ન હોવાથી ભણી શકતા નથી તેમને સહાય આપવી, કન્યા સાક્ષરતા, સમાજમાં શિક્ષણનું મહત્વ વગેરે ઉપર ભાર મુક્યો હતો. ધો. ૧૦ અને ૧૨ માં ૭૦ ટકાથી વધુ માર્કસ મેળવનાર છાત્રોને લેક્ચરર ગિદારામજી વણઝારા તરફથી એક એક ચાંદીનો સિક્કો આપ્યો હતો. જ્યારે સ્વ. કંકુદેવી કેલૂતની પુણ્યસ્મૃતિમાં પરિવારજનોએ ધો. ૧૦માં પાસ થનાર ટોપ-૩ વિદ્યાર્થીઓને વિશેષ પુરસ્કાર અપાયો હતો.

આ પ્રસંગે સમારોહના અધ્યક્ષ વિજયભાઈ વણઝારાએ પોતાના જીવનના પ્રસંગોને યાદ કરી સમાજ માટે રૂ. ૧૧૦૦૦ નું દાન આપ્યું હતું તો ઋષિસિંઘ ઠાકોરે રૂ. ૫૦૦૦ નું દાન કર્યું હતું. પ્રોફેસર ગોરધનભાઈ વણઝારાએ તેમની માતાની સ્મૃતિ માટે રૂ. ૨૧૦૦૦ નો ચેક શિક્ષણ સમિતિને અર્પણ કર્યો હતો.

સમાજના મહાનુભાવોએ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે સમાજમાં શિક્ષણક્ષેત્રે ૧૦ ટકા જ પરિવર્તન આવ્યું છે. જેમાં વધારો થવો જોઈએ તેમજ અનામતનો સમાજ શિક્ષણના અભાવે ઉપયોગ કરી શક્યો નથી અને સમાજની કોઈ વાડી કે કોલેજ બનાવી શકાઈ નથી કે તે અંગે વિચારણા પણ થઈ શકતી નથી તે સમાજ માટે કમનસીબ બાબત બની છે. સમાજમાંથી ઉચ્ચ અભ્યાસ કરી તબીબ, એન્જીનીયર, જીપીએસસી, યુપીએસસીના ઉચ્ચ હોદ્દો પ્રાપ્ત કરનાર શિક્ષિત વર્ગે આગેવાની લી અન્ય વિદ્યાર્થીઓને પ્રેરણા આપવી જોઈએ અને શિક્ષણ સમિતિ દ્વારા દર વર્ષે આયોજીત આ સમારોહમાં તેમને પ્રોત્સાહીત કરવા જોઈએ.

મોટી સંખ્યામાં ઉપસ્થિત સૌ કોઈએ સમાજની આ પ્રવૃત્તિને આવકારીને બિરદાવી હતી તેમજ સમારોહના આ ભવ્ય સંચાલન માટે પ્રો. ગોરધનભાઈ વણઝારાની કામગીરીને વખાણી હતી.

# સમાજ સુરક્ષા દ્વારા પાલક માતા-પિતા યોજનામાં સુધારો

મહેસાણા, તા. ૨૧

અનાથ બાળકોના માતા-પિતા હયાત નથી તેવા બાળકોને સંસ્થાકીય વાતાવરણમાં ઉછેર થાય તે માટે પાલક માતા-પિતા યોજનાનો લાભ અનાથ બાળકોને આપવામાં આવે છે. આ લાભ રાજ્યમાં વસતા ૦ થી ૧૮ વર્ષના બાળકોને મળે છે. આ યોજના માટે આંગણવાડી અથવા શાળામાં ભણતા હોવા ફરજીયાત છે. દર વર્ષે આચાર્યનું પ્રમાણપત્ર તેમજ સંસ્થાનું પ્રમાણપત્ર જરૂરી છે. આ પ્રકારની અન્ય કોઈ યોજનાનો લાભ બાળક મેળવતું ન હોવું જોઈએ. વ્યક્તિ અનાથ બાળકની સંભાળ માટે શહેરી વિસ્તાર માટે વાર્ષિક ૩૬ હજાર અને ગ્રામ્ય વિસ્તાર માટે ૨૭ હજારથી વધુ આવકનો દાખલો જરૂરી છે. આ યોજનામાં અનાથ બાળકને ૧૦૦૦ માસિક સહાય ચુકવવામાં આવશે. આ યોજનામાં બાળક સાથે સંયુક્ત ખાતામાં રકમ જમા કરાશે, આ અંગેનું ફોર્મ અને માહિતી માટે ઓબ્ઝર્વેશન હોમ કમ ચિલ્ડ્રન હોમ, આદર્શ નિવાસી શાળા, તરેટી બસ સ્ટેન્ડની બાજુમાં મહેસાણા ફોન નંબર - ૨૬૨-૨૯૧૨૯૮ અથવા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, બ્લોક નં. ૦૧, ભોંયતળીયે મહેસાણા, ફોન નંબર - ૦૨૭૬૨-૨૨૦૧૫૨ પર સંપર્ક સાધવાનો રહેશે તેમ બાળ લગ્ન પ્રતિબંધક અધિકારીએ જણાવ્યું છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
AGL Radhe
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦